**એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૧૭/૦૧/'૦૯ નાં રોજ ૧૧:૩૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધ :**

આજ રોજ તા.૧૭/૧/'૦૯ નાં રોજ બપોરે ૧૧:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના કોન્ફરન્સ હોલમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રીના અનુમોદનથી સૌ સભ્યશ્રીઓને આવકારી સભાની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. કે. વી. ગોર,<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન ,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર રાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સવિ"સ એન્ડ મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | હાજર |
| શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>પ્રમુખશ્રી, માંડવી નગરપાલિકા. | હાજર |
| શ્રી પી.એમ. ભટ્ટ,<br>આચાર્યશ્રી, જે.બી. ઠક્કર કોમર્સ" કોલેજ, ભૂજ. | હાજર |
| શ્રી ચિન્મોય બેનર્જી,<br>ડાયરેકટરશ્રી, અંજાર એજયુકેશન સોસાયટી, અંજાર | હાજર |
| શ્રી મહેશભાઈ આહિર<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., કચ્છ. | હાજર |
| ડૉ. દર્શનાબેન ધોળકીયા<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, | હાજર |
| ડૉ. તુષારભાઈ આર. હાથી<br>રીડર, અર્થશાસ્ત્ર ભવન, | હાજર |
| શ્રી અનિલ એચ. ગોર (રજીસ્ટ્રારશ્રી, કચ્છ યુનિવર્સિટી)<br>મેમ્બર સેક્રેટરી | હાજર |

**૧. ગત્ મિનિટ્સનું વાંચન અને બહાલી :**

ગત મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ અને શ્રી ચિન્મોય બેનર્જી તથા શ્રી મહેશ આહિરના વિરોધ સાથે મિનિટસ નોંધ બહુમતીએ મંજુર રાખવામાં આવી.

**૨. યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં આગામી શૈક્ષણિક વર્ષથી નવા અભ્યાસક્રમો શરૂ કરવા બાબત :–**

યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં M.B.A. અભ્યાસક્રમ શરૂ કરવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી અને નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ નં.:– ૧ **આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ થી M.B.A. અનુસ્નાતક ભવન હાલ તુરત કોમર્સ ફેકલ્ટીના નેજા હેઠળ શરૂ કરવાની મંજુરી આપવામાં આવે છે.**

**A.I.C.T.E ના નોર્મ્સ મુજબ જરૂરી સગવડો ઉભી કરવા, આ અભ્યાસક્રમ શરૂ કરવા માટે તેના નીતિ નિયમો બનાવવા, અભ્યાસક્રમ ઘડવા, જરૂરી સાધનો વસાવવા નિયમોનુસારની પ્રક્રિયા વગેરે જેવી કાર્યવાહી હાથ ધરવા, કમિટિ બનાવવા વગેરે બાબતોની તમામ સત્તા માન. કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં M.Sc. ( C.A. & I.T. ) પાંચ વર્ષનો ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ શરૂ કરવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી અને નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ નં.:– ૨ આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ થી યુનિવર્સિટીમાં M.Sc. ( CA & I.T. ) ના પાંચ વર્ષના ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ શરૂ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

આ અભ્યાસક્રમ શરૂ કરવા માટે તેના નીતિ નિયમો બનાવવા, અભ્યાસક્રમ ઘડવા, ગ્રાન્ટના સમય મર્યાદામાં કરવાના થતા ઉપયોગ, જરૂરી સાધનો વસાવવા નિયમોનુસારની પ્રક્રિયા વગેરે જેવી કાર્યવાહી હાથ ધરવા કમિટિ બનાવવા તથા જરૂરી તમામ નિર્ણયો લેવાની સત્તા માન. કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

૩. **M.Sc. અર્થ એન્ડ એનવાયરમેન્ટલ સાયન્સ અભ્યાસક્રમની ગ્રાન્ટ બાબત :**

યુનિવર્સિટીના અર્થ એન્ડ એનવાયરમેન્ટલ સાયન્સ ભવન માટે રાજય સરકારશ્રી તરફથી મંજુર થયેલ ગ્રાન્ટ બાબતે ચર્ચા વિચારણા કર્યા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ નં.:– ૩ અર્થ એન્ડ એનવાયરનમેન્ટલ અનુસ્નાતક ભવનના વિકાસ અર્થે રાજય સરકારશ્રી દ્વારા મળેલ રૂ.૬૪.૨૫ લાખની ગ્રાન્ટનો ઉપયોગ સંબંધિત ભવનમાં જરૂરી સુવિધાઓ વિકસાવવામાં ખર્ચ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

ગ્રાન્ટના સમય મર્યાદામાં કરવાના થતા ઉપયોગ, ભવનના અધ્યક્ષ ડૉ.એમ.જી. ઠકકર દ્વારા આપવામાં આવેલ લિસ્ટ મુજબના જરૂરી સાધનો વસાવવા વગેરે જેવી કાર્યવાહી હાથ ધરવા, કમિટિ બનાવવા કે જરૂરી તમામ નિર્ણયો લેવાની સત્તા માન. કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

૪. **ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ અસ્તિત્વમાં આવતાં આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો જે GTU સાથે સંલગ્નતા ધરાવતી થઈ છે તેની LIC યોજવા બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય બાબતે :**

રાજય સરકાર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ થી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ અસ્તિત્વમાં આવતા આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો જે GTU સાથે સંલગ્નતા ધરાવતી થઈ છે તેની LIC યોજવા બાબતે ચર્ચા વિચારણા કર્યા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ નં.:– ૪ કચ્છ યુનિવર્સિટી અસ્તિત્વમાં આવતા આ વિસ્તાર સંલગ્ન ૧૦ જેટલી કોલેજોની જોડાણ સંબંધી કાર્યવાહી આ યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવેલ હતી. વિધાર્થીઓના હિત ખાતર ગુજરાત યુનિવર્સિટી દ્વારા માત્ર બીજા, ત્રીજા અથવા ચોથા વર્ષના વિધાર્થીઓની પરીક્ષાઓ લેવામાં આવેલ હતી અને ક્રમશઃ વર્ષવાર પરીક્ષાઓ પણ આ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલ હતી. તેવી જ રીતે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અસ્તિત્વમાં આવતા આ યુનિવર્સિટી હસ્તકની એન્જિનીયરીગ તેમજ ફાર્મસી ( ડિગ્રી / ડિપ્લોમા ) કોલેજો મળીને ચાર કોલેજો કે જે વર્ષ ૨૦૦૮–૦૯ થી GTU સાથે જોડાણ મેળવે છે તે કોલેજોમાં હવેથી જોડાણ સંબંધી કાર્યવાહી GTU સાથે સંબંધિત કોલેજોએ કરવાની રહેશે. LIC જેવી કાર્યવાહી હવેથી આ યુનિવર્સિટી દ્વારા કરવાની થતી નથી. આ કોલેજોએ અધ્યાપકશ્રીઓના કે અન્યોના ઈન્ટરવ્યુ વગેરે જેવી કાર્યવાહી પણ GTU દ્વારા કરાવવાના રહેશે.

વધુમાં GTU ના પત્ર ક્રમાંકઃનં.GTU/ એફીલી/૦૯/૧૧/ તા.૩/૧/૨૦૦૯ ના પત્રના અનુસંધાને યુનિવર્સિટીને શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ થી નવી કોલેજ/ અભ્યાસક્રમ શરૂ કરવા મળેલ અરજીઓ અથવા જુની કોલેજની મળેલ જોડાણ અરજીઓ હોય તેવી તમામ અરજીઓને GTU ને ટ્રાન્સફર કરવી અને સંબંધિત સંસ્થાને જાણ કરવી એવું આથી ઠરાવવામાં આવે છે.

**૫. યુનિવર્સિટી એકટની કલમ ૮૬(૨) હેઠળ રાજય સરકારશ્રી દ્વારા નીમાયેલ સલાહકાર સમિતિએ કરેલ Statutes ની ભલામણ બાબતે.**

યુનિવર્સિટી એકટની કલમ ૮૬(૨) હેઠળ રાજય સરકારશ્રી દ્વારા નીમાયેલ સલાહકાર સમિતિએ તૈયાર કરેલ Statutes ની ભલામણ બાબતે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી અને નીચે મુજબના ઠરાવ કરવામાં આવેલ છે.

ઠરાવ નં.:–૫ **યુનિવર્સિટી એકટની કલમ ૮૬(૨) હેઠળ નીમાયેલ સલાહકાર સમિતિએ યુનિવર્સિટી પ્રથમ સ્ટેચ્યુટ્સની કરેલ ભલામણને નીચે દર્શાવેલ સુધારાઓ સાથે આ સભા મંજુર રાખી બહાલી આપે છે અને એકટની જોગવાઈ મુજબની જરૂરી મંજુરીઓ મેળવવાની આગળની કાર્યવાહી હાથ ધરવાની ભલામણ કરે છે.**

સુધારો :૧) **પ્રિન્સીપાલ ની વ્યાખ્યામાં Principal means a permanent Principal of the college રાખવું અને Officiating Principal કે probation ઉપર હોય તેવા Principal ને વ્યાખ્યામાંથી દુર કરવા બાબતનો ઠરાવ શ્રી બેનર્જી, શ્રી પી.એમ.ભટ્ટ તથા શ્રી મહેશભાઈ આહિર ના વિરોધ સાથે બહુમતીએ મંજુર રાખવામાં આવ્યો.**

સુધારો : ૨) **86.5 માં The Exe ............ suitable cases, બાદ આગળના શબ્દો દુર કરી તેના સ્થાને in consonance with prevailing UGC norms તેવું ઉમેરવું અને પાના નં. ૯૯ પરની NOTE : દુર કરવી તેવું ઠરાવવામાં આવે છે.સાથો સાથ 87.4 માં પણ 86.5 મુજબનો સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.**

**૬. M.Phil Ordinances બાબતે.**

M.Phil Ordinances બાબતે ચર્ચા વિચારણાના અંતે તથા યુનિવર્સિટીમાં જુદા જુદા કામસર સંલગ્ન કોલેજોમાં અધ્યાપકશ્રીઓને ચુકવવાના થતા મહેનતાણા બાબતે પણ ચર્ચા વિચારણા કરવામાં આવેલ જેમાં નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ નં.:–૬ **આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમીક કાઉન્સીલની M.Phil Ordinances ની તા.૧૧/૧૦/૨૦૦૮ની થયેલ ભલામણનો સ્વિકાર કરવામાં આવે છે અને મંજુરી આપવામાં આવે છે.**

**વધુમાં M.Phil માં આવતા અધ્યાપકશ્રીઓને અગાઉ લેકચર દીઠ ચુકવવામાં આવતા રૂા.૧૦૦/– ના સ્થાને લઘુતમ રૂા.૧૫૦/– ચુકવવાનું આથી ઠરાવવામાં આવે છે.**

**યુનિવર્સિટીના કામકાજ માટે યુનિવર્સિટી દ્વારા સંલગ્ન કોલેજોના શૈક્ષણિક–બિન શૈક્ષણિક સ્ટાફને પરીક્ષાના કામસર કે અન્ય કોઈ પણ કામસર બોલાવવામાં આવે છે ત્યારે તેમના મહેનતાણાં ચુકવવા નકકી કરવા નીચેના સભ્યોની સમિતિનું ગઠન કરવામાં આવે છે.**

**૧) શ્રી ડૉ. તુષાર આર. હાથી ( અધ્યક્ષ )**
**૨) શ્રી પી.એમ. ભટ્ટ ( સભ્યશ્રી )**
**૩) શ્રી ચિન્મોય બેનર્જી ( સભ્યશ્રી )**
**૪) શ્રી જી.એમ.બુટાણી ( સભ્યશ્રી )**

**આ સમિતિએ શૈક્ષણિક – બિન શૈક્ષણિક કર્મચારીઓને ચુકવવાના થતા મહેનતાણાં બાબતે વિસ્તૃત રિપોર્ટ આપવાનો રહેશે એવું આથી ઠરાવવામાં આવે છે.**

**૭. પરીક્ષા નિયામક તથા સીસ્ટમ એન્જિનિયર માટે લીગલ અભિપ્રાય મળી જતાં આગળની કાર્યવાહી :**

યુનિવર્સિટીના પરીક્ષા નિયામક તથા સીસ્ટમ એન્જિનિયર માટે લીગલ અભિપ્રાય મળી જતાં આગળની કાર્યવાહી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી અને લિગલ અભિપ્રાય પર વધુ વિચારણા કરવા નિર્ણય મુલત્વી રાખવામાં આવ્યો.

**૮. અન્ય અભ્યાસક્રમો શરૂ કરવા બાબતે ચર્ચા વિચારણા તથા નિર્ણય :–**

યુનિવર્સિટી દ્વારા અન્ય અભ્યાસક્રમો શરૂ કરવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી અને નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ નં.:–૭ **યુનિવર્સિટી તથા આ વિસ્તારના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રના વિકાસ માટે જરૂરી એવા અભ્યાસક્રમો જેવા કે એમ.એસ.ડબલ્યુ., એમ.એ. ઈન પબ્લીક એડમિનિસ્ટ્રેશન, માસ્ટર ઈન હોસ્પિટલ એન્ડ હેલ્થ કેર મેનેજમેન્ટ તથા વોટર શેડ મેનેજમેન્ટ જેવા સર્ટીફિકેટ / ડિપ્લોમા જેવા અભ્યાસક્રમો શરૂ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.**

**આ અભ્યાસક્રમો સેલ્ફ ફાયનાન્સના ધોરણે ચાલુ કરવાના રહેશે. આ અભ્યાસક્રમો શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ થી શરૂ કરવા જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની તથા નિર્ણયો લેવાની સત્તા માન. કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

**૯. કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. કોલેજ, સાપેડાને અપાયેલ નોટીશ તા.૧/૧/૨૦૦૯ બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબતે.**

કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. કોલેજ, સાપેડાને અપાયેલ નોટીશ તા.૧/૧/૨૦૦૯ બાબતે નોટીશમાં અપાયેલ તમામ મુદ્દે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી, સંસ્થા દ્વારા તેમના તા.૯/૧/૦૯ ના પત્રથી જણાવેલ છે કે નોટીસ સાથેના દસ્તાવેજો જે ૫૦૦ છે તેમનો અભ્યાસ કરવા માટે સમયની જરૂર હોવાથી નોટીશનો જવાબ આપવાની મુદ્દત ૧૫ દિવસ વધારી આપવા વિનંતી કરેલ છે તે પત્ર સભા સમક્ષ મુકવામાં આવેલ જેના પર ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ નં.:–૯ **આથી ઠરાવવામાં આવે છે કે કર્મનિકેતન ટ્રસ્ટ ને યુનિવર્સિટી દ્વારા તા.૧/૧/૦૯ થી અપાયેલ નોટીશ બાબતે સંસ્થાએ યુનિવર્સિટી નોટીશનો જવાબ આપવા માટેની મુદ્દત ૧૫ દિવસ વધારી આપવાની માંગણી કરતા તા.૯/૧/૦૯ ના પત્રના અનુસંધાને તેમની માંગણી ગ્રાહય રાખવામાં આવે છે. સંસ્થાએ નોટીશનો જવાબ તા.૨૭/૧/૦૯ નાં રોજ અથવા તે પહેલા યુનિવર્સિટીને રજુ કરી આપવાનો રહેશે.**

**અધ્યક્ષ સ્થાનેથી નીચે દર્શાવેલ મુદ્દાઓ રજુ કરવામાં આવ્યા હતા.**

**૧) ગુજરાતી અનુસ્નાતક ભવન દ્વારા ફેબ્રુઆરી માસમાં સેમિનાર યોજવા બાબત :**

ગુજરાતી અનુસ્નાતક ભવનના અધ્યક્ષા ડૉ. દર્શનાબેન ધોળકીયા દ્વારા ગુજરાતી વિષયમાં બે દિવસીય સેમિનાર – પેપર પ્રેઝન્ટેશન બાબતેનો વર્કશોપ યોજવાની દરખાસ્ત રજુ કરવામાં આવી. ગુજરાત ભરમાંથી અંદાજે ૯૦ થી ૧૦૦ ડેલીગેટ્સ આવી કોન્ફરન્સમાં ભાગ લેતા હોય છે. ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબનો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો.

ઠરાવ નં.:—૧૦ **આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત અનુસ્નાતક ભવન દ્વારા ગુજરાતી વિષયની બે દિવસીય કોન્ફરન્સ યોજવાની આથી મંજુરી આપવામાં આવે છે અને રૂા.૨૫૦૦૦/— નો થનાર અંદાજીત ખર્ચ મંજુર કરવામાં આવે છે. આ કોન્ફરન્સ યોજવાની તેના આયોજનની કાર્યવાહી હાથ ધરવાની સતા ડૉ. દર્શનાબેન ધોળકીયાને આપવામાં આવે છે.**

૨) **ઈકોનોમીકસ અનુસ્નાતક ભવન દ્વારા 39th Economics Conference યુનિવર્સિટીમાં યોજવા બાબત :—**

ઈકોનોમીકસ અનુસ્નાતક ભવનના અધ્યક્ષ ડૉ. તુષારભાઈ હાથી દ્વારા 39th Economics Conference નું આયોજન કચ્છ યુનિવર્સિટી દ્વારા ફેબ્રુઆરી ૦૬ અને ૦૭ તારીખે હાથ ધરાનાર છે જેમાં ગુજરાત ભરમાંથી અંદાજે ૩૫૦ ડેલીગેટ્સ આવવાની સંભાવના છે. બે દિવસ ચાલનાર આ કોન્ફરન્સમાં ચાર સેશનમાં જુદી જુદી હસ્તીઓ દ્વારા કી— નોટ પ્રવચનો આપવામાં આવે તેવું આયોજન ગોઠવાઈ રહેલ છે. આ કોન્ફરન્સમાં અંદાજે રૂા.૩ લાખનો ખર્ચ થવાની સંભાવના છે. આ બાબતે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો નિર્ણય લેવામાં આવ્યો.

ઠરાવ નં.:—૧૧ **યુનિવર્સિટી બન્યા પછી જેમ બને તેમ વધુ કોન્ફરન્સ – સેમિનારો આ યુનિવર્સિટીમાં યોજાય તે જરૂરી છે જેનાથી એકેડેમિક સ્તરે યુનિવર્સિટીને ફાયદો થશે. બે દિવસીય આ કોન્ફરન્સ માટે જન ભાગીદારી દ્વારા બંને તેટલું ફંડ ઉભું કરવામાં આવે અને ખર્ચની ખુટતી રકમ યુનિવર્સિટી દ્વારા પુરી પાડવામાં આવે આ કોન્ફરન્સની સંપૂર્ણ જવાબદારી ડૉ. તુષારભાઈ હાથીને સોંપવામાં આવે છે તેવું ઠરાવવામાં આવે છે.**

૩) **English Language Lab તથા Foreign University સાથે M.O.U કરવા બાબત.**

માન.કુલપતિશ્રીના પ્રયત્નોથી યુનિવર્સિટીને રાજ્ય સરકારશ્રી દ્વારા English Language Lab ઉભી કરવાની રૂા.૨.૫ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે અને ૨૫ કોમ્પ્યુટર્સ ભેટમાં આપવામાં આવેલ છે. જેને સૌ સભ્યશ્રીઓએ હર્ષથી વધાવેલ સાથોસાથ English Department દ્વારા Foreign ની અમુક યુનિવર્સિટીઓ સાથે M.O.U કરવાના પ્રયાસો હાથ ધરાઈ રહયા છે. M.O.U બાબતે હજુ ચર્ચા વિચારણા પ્રાથમિક તબકકે ચાલી રહી છે. જેની માહિતી પણ માન.કુલપતિશ્રીએ સૌ સભ્યશ્રીઓને આપી હતી.

સૌ સભ્યશ્રીઓએ માન.કુલપતિશ્રી દ્વારા થતા પ્રયાસોને હર્ષથી બિરદાવ્યા હતા.

૪) **અધ્યાપક સહાયક – ગ્રાન્ટ ઈન એઈડ કોલેજ માટે માર્કીંગ સ્કીમ બનાવવા બાબતે :—**

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા વર્ષ ૨૦૦૬ માં ગ્રાન્ટ ઈન એઈડ કોલેજમાં પસંદગી સમિતિએ અધ્યાપક સહાયક તરીકે જોડાનાર અધ્યાપકનું ગુણાંકન / મુલ્યાંકન કઈ રીતે કરવું તેનો પત્ર બહાર પાડેલ જેના અનુસંધાને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવતી વ્યકિતઓનું પ્રોફાઈલ તૈયાર થઈ શકે તે માટે યુનિવર્સિટીએ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના પત્રમાં દર્શાવેલ માર્કીંગ મુજબનું પત્રક બનાવેલ છે.

જે બાબતે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ નિર્ણય લેવાયેલ.

ઠરાવ નં.:—૧૨ **યુનિવર્સિટી દ્વારા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી માટે પસંદગી સમિતિ માટે માર્કીંગ સ્કીમ રજુ થયેલ પત્રને ધ્યાને લઈને તેમાં દર્શાવેલ મુદ્દે માર્કીંગ સ્કીમ પર્ફોમામાં બનાવવામાં આવેલ છે તેને મંજુર રાખવામાં આવે છે અને આ માર્કીંગ સ્કીમનો ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતીમાં ઉપયોગ કરવાનો રહેશે જેની મંજુરી આપવામાં આવે છે.**

**૫) શ્રી ચિન્મોય બેનર્જી – એકિઝકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીના પત્રોના મુદ્દાઓની રજુઆત બાબત :–**

શ્રી ચિન્મોય બેનર્જી દ્વારા માન.કુલપતિશ્રીને ઉદેશીને તેમના પત્રોમાં નીચે જણાવેલ અમુક મુદ્દાઓ એકિઝકયુટીવ કાઉન્સીલની સભામાં મુકવા વિનંતી કરેલ જેમાં

૧) વિરાયતન ફાર્મસી કોલેજના વર્ષ ૨૦૦૭ માં યોજાયેલ ઈન્ટરવ્યુ બાબત.

૨) રજીસ્ટ્રાર દ્વારા યુનિવર્સિટીની ગાડીના ઉપયોગ બાબતે.

૩) અંજાર એજયુકેશન સોસાયટીમાં ચાલતા PGDHRM ની ફી નકકી કરવા બાબત.

૪) સ્ટેચ્યુટ્સ બનાવવા શ્રી આર.એમ.મહેતાને અપાયેલ ઓર્ડરની પ્રોસિજર બાબત..

ઉપરના ચારેય મુદ્દાઓ માન.કુલપતિશ્રી દ્વારા સભા સમક્ષ મુકવામાં આવ્યા હતા. જેના પરના મુદ્દા ૧, ૨ અને ૪ પર વિસ્તૃત ચર્ચા વિચારણા હાથ ધરાયેલ.

મુદ્દા નં. ૧ બાબતે વિરાયતનના પત્રમાં દર્શાવેલ યુનિવર્સિટીના પત્રોના જાવક નંબર બાબતે જરૂરી સ્પષ્ટતાઓ કરાયેલ અને શ્રી બેનર્જીને રૂબરૂમાં પત્રો બતાવવામાં આવેલ પરિણામે વિરાયતન ઈન્ટરવ્યુની મિનિટ્સ કોઈક દ્વારા ઉપજાવી કાઢવામાં આવેલ છે અને યુનિવર્સિટી તદ્દન આ બાબતે ટ્રાન્સ્પરન્ટ છે તેવું સ્પષ્ટ કરવામાં આવેલ છે. વધુમાં નામ આધાર વિનાની અરજીઓ ઉપર કોઈ કાર્યવાહી ન કરવાનો નિર્ણય સભામાં લેવામાં આવેલ.

મુદ્દા નં. ૨ રજીસ્ટ્રાર દ્વારા ગાડીનો ઉપયોગ કરવામાં આવે છે તે મુદ્દે ચર્ચા થતાં શ્રી બેનર્જીએ ગાડીનો મુદ્દો પરત લઈ લીધેલ છે.

મુદ્દા નં. ૪ યુનિવર્સિટીના સ્ટેચ્યુટ્સ વગેરે બનાવવા લો કન્સલટન્ટ શ્રી આર.એમ.મહેતાને નિમણુંક સોંપવાના એકિઝકયુટીવ કાઉન્સીલના તા.૧૧/૯/૦૮ ની સભામાં લેવાયેલ નિર્ણય અનુસાર માન.કુલપતિશ્રીએ પોતાના પ્રયાસોથી શ્રી મહેતાને રૂા.૬.૨૦ લાખના સ્થાને રૂા.૫ લાખ માં સ્ટેચ્યુટ્સ, ઓર્ડિનેન્સ, રુલ્સ વગેરે બનાવવા સંમત કરેલ છે. પરિણામે યુનિવર્સિટીના રૂા.૧.૨૦ લાખ બચાવેલ છે. તા.૧૧/૯/૦૮ ની મિનિટ્સ નોંધ સર્વાનુમતે મંજુર થઈ ગયેલ છે જેમાં સ્પષ્ટપણે સ્ટેચ્યુટ્સ વગેરે બનાવવા શ્રી આર.એમ.મહેતાને કામગીરી સોંપવાનો નિર્ણય લેવામાં આવેલ અને તમામ સતા માન.કુલપતિશ્રીને સોપવામાં આવેલ. તેમ છતાં આ મુદ્દે ફરીથી ચર્ચા થયેલ. જેમાં નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ નં.:–૧૩ **આથી ઠરાવવામાં આવે છે કે EC ની તા.૧૧/૯/૦૮ની સભામાં સ્ટેચ્યુટ્સ વગેરે બનાવવાની કામગીરી શ્રી આર.એમ. મહેતાને સોંપવાનો નિર્ણય લેવાયેલ અને જેની હાથ ધરાયેલ પ્રોસીજરને શ્રી બેનર્જી, શ્રી પી.એમ.ભટ્ટ તથા મહેશ આહિરના વિરોધ સાથે બહુમતીએ મંજુર રાખવામાં આવે છે.**

મુદ્દા નં. ૩ PGDHRM અભ્યાસક્રમની ફી બાબતે બીજી મિટિંગમાં ચર્ચા કરવામાં આવશે તેવું ચર્ચામાં નકકી થયેલ.

અન્ય કોઈ મુદ્દા ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીનો આભાર માની મિટીગ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

(Anil Gor)
REGISTRAR
K.S.K.V. Kachchh University
Bhuj-KACHCHH.